

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કરો મજૂરી, તૂટી પડો, ને થાવ આત્મનિર્ભર!*
*ઉકાળાના કડુ ઘૂંટ પી, ને થાવ આત્મનિર્ભર -*
*રાખશો નહીં અપેક્ષા દવા કે સારવારની -*
*આપી દીધાં પેકેજ, - ને થાવ આત્મનિર્ભર...*
*(હવે જવાબદારીથી મુક્ત - સરકાર !?)*

### હાઈકુ

*અમે પ્રવૃત્ત*
*ને છીએ રચ્યા-પચ્યા -*
*રાજકારણે !*
*(કંઈ નવરા નથી બેઠા!)*

*લ્યો ! સંશોધને -*
*મળી ગઈ છે રસી -*
*આત્મ-નિર્ભર !!*
*(બધાં દર્દની એક દવા!)*

### ચિંતન

*લુબ્ધમર્થેન ગૃહણીયાત સ્તબ્ધમંજલિ કર્મણા ॥*
*મૂર્ખં છન્દાનુવૃત્તયા ચ યથાર્થત્વેન પાણ્ડિતમ્ ॥*

ઉપરોક્ત શ્લોક ચાણક્ય નીતિમાંથી લેવામાં આવેલ છે.

લોભીને ધન આપી દેવું, જિદ્દી અને અહંકારીને પ્રણામ કરી દેવા, મૂર્ખ ને એની મરજી પ્રમાણે જે કરવું હોય તે કરવા દેવું અને જ્ઞાની તથા સમજદાર માણસ સાથે જ સત્ય વિશે વાત કરવી.

કેટલાક માણસો લોભી પ્રકૃતિના હોય છે. એમને માટે પૈસો એ જ પરમેશ્વર હોય છે. નીતિ,અનીતિ, સત્ય, અસત્ય, ધર્મ, અધર્મ આવી બધી વાતો એમને મન ગૌણ હોય છે. મુઠ્ઠી ભરીને ધન ખિસ્સામાં આવી જાય એટલું જ એમને મન મહત્ત્વ હોય છે. ચાણક્ય કહે છે કે આવા માણસને પૈસાની લાલચ આપીને ખસી જવું એની સાથે બીજો કોઈ વિવાદ કરવો નહીં.

જેઓ પોતાની વાતનો કક્કો ખરો ઠરાવવા માટે અકારણ લાંબી જીભાજોડી કરતા હોય એમને સત્ય સમજાવવાને બદલે માત્ર હા કહીને ખસી જવામાં ડહાપણ છે.

મૂરખ માણસને એની મરજી પ્રમાણે જે ફાવે તે કરવા દેવું એમાં જ ડહાપણ છે. જે સત્ય અસત્ય સમજેતેની સાથે સમજદારી પૂર્વક વાત થઈ શકે.

### સુવિચાર

- ફિસલતી હી ચઈ ગઈ એક પલ ભી રૂકી નહીં,
  અબ જા કે મહેસૂસ હુઆ રેત કે જૈસી હૈ જિંદગી.... - **રણધીર પૂરી**
- 'બોલ' તો એક્સપેન્સ (ખર્ચો), કહેવાય, વાણી ખર્ચાઈ ના જવી જોઈએ, 'બોલ' એ તો લક્ષ્મી છે. તેને તો ગણી ગણીને આપવી જોઈએ, લક્ષ્મી કોઈ ગણ્યા વગર આપે છે? - **આપ્તસૂત્ર**
- વિશ્વાસ કોનું નામ ? આ અંતરમાં જે આખી 'પાર્લામેન્ટ' કહેવાય - **ડો. નીરુબહેન અમીન**
- જયાં 'જ્ઞાન' નથી ત્યાં સંસાર છે ને જયાં 'જ્ઞાન' છે ત્યાં સંસાર નથી - **બોધિવૃક્ષ**
- કુસંગનો ભીડો હોય ત્યાંથી દુઃખ જાય નહીં ને સત્સંગનો
  ભીડો હોય ત્યાંથી સુખ જાય નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- જેનું તમે સ્વામિપણું કરશો તે બધું જ સામું થશે, છેવટે, મરતી વખતે પણ જેની જેની ઉપર સ્વામીપણું કર્યું હશે તે બધું જ દુઃખદાયક થઈ પડશે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : ત્રિફળા અને મધ સરખેભાગે લઈને પીવાથી ખાંસીમાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મુલ્લા નસરુદ્દીનને કોઈએ પૂછ્યું, 'મોક્ષ પામવાનો માર્ગ શું છે ?' મુલ્લાએ કહ્યું, 'પહેલા પાપ કરો' પેલાએ કહ્યું, 'મુલ્લા,શું પાગલ જેવી વાત કરો છો ? તું મોક્ષ પામવાનો માર્ગ બતાવે છે કે નર્કમાં જવાનો ?'

મુલ્લાએ કહ્યું, 'પાપ નહીં કરો તો પશ્ચાતાપ કેવી રીતે કરશો ?' જો પશ્ચાતાપ નહીં કરો તો મોક્ષ કેવી રીતે મળશે ? પાપ જ નહીં કરો તો ભગવાનની દયા કેવી રીતે મળશે ? ભગવાનની દયા વગર તો કંઈ બનતું નથી. એટલે પાપ કરો, પશ્ચાતાપ કરો, ત્યારે ભગવાન દયા કરશે એટલે સ્વર્ગનું દ્વાર ખુલી જશે. અસલમાં તો પાપ જ ઉત્તમ રસ્તો છે.

આવી છે આપણી બુદ્ધિની કરામત વસ્તુઓ પહેલાં ભેગી કરીને છીએ પછી તેનો ત્યાગ કરીએ છીએ. જાણે વસ્તુઓ પર ચડીને જ મોક્ષ પમાય છે. એટલે વસ્તુઓ વધુ કિંમતી થઈ ગઈ, અને મોક્ષ ઓછો કિંમતી... એટલે વસ્તુઓ નહીં હોય તો ત્યાગ કેવી રીતે થશે ? પાપ નહીં હોય તો ભગવાન દયા કેવી રીતે કરશે ?

# મેરી બિલ્લી મુઝ સે મ્યાઉં...

### તંત્રીસ્થાનેથી...

ધાર્યું હોય તો વિસ્તારવાદી અભિગમ અપનાવી અંગ્રેજોની નાગચૂડમાંથી આઝાદ થયેલું હિંદુસ્તાન એના નાનકડાં પાડોશી નેપાળને પોતાના એક આશ્રિય પ્રદેશ તરીકે સામેલ કરી શક્યું હોત. નેપાળ તો પાછું 'હિંદુ રાષ્ટ્ર'ની ઓળખ ધરાવતું હતું. ભારત સાથેના એના ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક સંબંધો એટલા ગાઢ રહ્યા છે કે કદાચ એને ભારતનો જ એક ભાગ થઈ વિકસવાનું ગમ્યું હોય. તિબેટને ચીન ઓહિયાં કરી ગયું તે ધરાર એની ઈચ્છા વિરુદ્ધ હતું કારણ કે તિબેટને પણ વધુ તો ભારત સાથે રહેવું ગમ્યું હોત. રાતોરાત જીવ બચાવીને નાસી આવેલા તિબેટના ધાર્મિક નેતા દલાઈ લામાએ ભારતમાં જ આશ્રય લીધો હતો અને ભારતે ચીનની ખફગી વહોરીને એમને હિમચાલ પ્રદેશના ધર્મશાળા નગરમાં પૂરાં માન સન્માન સાથે રાખ્યા છે. નેપાળ તો લગભગ પૂર્ણપણે ભારત પર આધારિત છે, એના અત્યાર સુધીના તમામ કર્ણધારોની શિક્ષાદીક્ષા ભારતની કોલેજો અને યુનિવર્સિટીઓમાં થયેલી છે. અત્યાર સુધીના તમામ સરકારોએ ભારત સરકારનો ભરપૂર લાભ ઉઠાવ્યો છે. નેપાળી નાગરિકોને ભારત રોજીરોટી આપતું રહ્યું છે. સેનામાં આખેઆખી એક ગુરખા બટાલિયન છે. આવા નેપાળને લલચાવવાના પાડોશી રાષ્ટ્ર ચીનના નુસખા આખરે લાંબા ગાળે સફળ થઈ રહ્યા હોય એમ લાગે છે. નેપાળીઓ માટે ચીન એના દરવાજાં ઘણાં વર્ષોથી ખોલી નાખેલા છે. કૈલાસ માનસરોવર ચીની કબજા હેઠળના તિબેટમાં આવેલ હોઈ ભારતીય નાગરિકોને વિઝા લેવા પડે છે. નેપાળીઓ માટે વિઝા કે પાસપોર્ટની જરૂર નથી. ગામના સરપંચની ચિઠ્ઠી પૂરતી થઈ રહે છે. ચીન ભારતને ભીડવવા માટે એનાં પાડોશી રાષ્ટ્રો સાથે મીઠા સંબંધો કેળવવાની કૂટનીતિ અજમાવતું રહ્યું છે. પાકિસ્તાન અને ભારત વચ્ચે કાશ્મીર મુદ્દે એણે દુશ્માનવત ભડકાવી છે અને હરહંમેશ પાકિસ્તાનની તરફેણ કરી છે. માલદીવમાં એની દાળ ગળી નથી. ભુતાન પણ એની દાનત પારખીને એક સલામત અંતર જાળવતું રહ્યું છે. પરંતુ વ્યૂહાત્મક રીતે ભારત સામે મોરચો માંડવા નેપાળ પણ ડોળો માંડ્યો છે. ભારતની વૈશ્વિક પ્રગતિ જોઈ ચીનના પેટમાં તેલ રેડાયું છે. ક્યારેય નહોતાં એટલાં અમેરિકા અને ભારત આજે નજીક આવી ગયા છે અને દુનિયાભરમાં ચીન પ્રત્યે સખત સૂગ પણ ક્યારેય નહોતી એટલી અત્યારે પ્રવર્તી રહી છે. એટલે ચીને નેપાળને ચડાવીને કહેવાતા વિવાદાસ્પદ વિસ્તારો - લીપુલેખ, લિમ્પિયો ધરો અને કાલાપની પ્રદેશો પર નેપાળના અધિકારનો મુદ્દો ઉપસ્થિત કરાવ્યો છે. જો કે નેપાળની સરકાર આવા ચીનના પ્રભાવનો સ્વીકાર કરતી નથી, પણ પડદા પાછળ જરૂર કશુંક રંધાઈ રહ્યું છે. કૈલાસ માનસરોવરના માર્ગમાં આવતા આ વિસ્તરો અંગ્રેજો બિસ્તર પોટરાં લઈને વિદાય થયા ત્યારથી વિવાદિત રહ્યા છે. ભારતે એના પર હકૂમત જમાવી રાખી છતાં જેમ આઝાદ કાશ્મીર પર ભારત દાવો કરતું રહ્યું હતું છે એમ નેપાળ આ વિસ્તારો પોતાના હોવાની વાત વાગોળતું રહ્યું હતું. જો કે આ વિસ્તારો એ પોતાના નકશામાં નહોતું દર્શાવતું. તાજેતરમાં આ વિસ્તારોમાં રોડ બંધાવી કેન્દ્રીય સંરક્ષણ મંત્રીએ એનું ઉદ્ઘાટન કરતાં નેપાળે વિરોધ દર્શાવ્યો અને બહું ટૂંકા ગાળામાં સર્વસંમતિથી એની સંસદના નીચલા ગૃહમાં નવા નકશામાં આ વિસ્તારો સામેલ કરી બંધારણમાં સામેલ કરી દેવાની તજવીજ કરી છે. ઉપલા ગૃહમાં નીચલા ગૃહે પસાર કરેલ બિલ પસાર થયા પછી રાષ્ટ્રપતિની સહી થતાં જ નેપાળનો નવો નકશો બંધારણીય દરજ્જો ધરાવતો થઈ જશે. ભારતે આ તમામ કાર્યકલાપનો શરૂથી જ વિરોધ કર્યો છે અને એ ત્રણ વિસ્તારોને નેપાળ પોતાના નકશામાં દર્શાવે એ માટે કોઈ ઐતિહાસિક આધાર નહીં હોવાની દલીલ પણ વારંવાર કરી છે. પરંતુ નેપાળે તો એના નવા નકશાને માન્યતા આપી જ દીધી છે. આથી ભારત સરકાર ભારે મૂંઝવણમાં મુકાઈ ગયેલ છે. પાડોશી નેપાળ સાથે સંઘર્ષમાં ઊતરવું એટલે સામે ચાલીને ચીની ડ્રેગનને છંછેડવા જેવું થશે. ચીનની ચાલમાં આવી ગયેલ નેપાળ સાથેના સદીઓ જૂના સંબંધો પર પાણી ફેરવવાનું ભારતને હરગિજ નહીં ગમે. બીજી તરફ પોતાની હકૂમત અને રક્ષણ હેઠળના વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વના વિસ્તારને નેપાળને સોંપી દેવાનું પણ નહીં ગમે. ભારે અસમંજસની સ્થિતિમાં કેન્દ્ર સરકાર શું નિર્ણય કરે છે તે જોવું રહ્યું.

# અનામત એ મૌલીક અધિકાર નથી : સુપ્રિમ કોર્ટ



### કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

અનામત એ માત્ર કાયદો છે, મૂળભૂત અધિકાર હોવાનો દાવો કરી શકે નહિ. જો કોઈ નાગરિકને અનામતનો લાભ આપવામાં ના આવે તો તેના બંધારણીય અધિકારનું ઉલ્લંઘન થાય છે તેમ ગણી શકાય નહિ. તામીલનાડુની મેડિકલ કોલેજની ઓબીસી વિદ્યાર્થીઓ માટે બેઠક અનામત નહિ રાખીને તેમના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કોલેજ દ્વારા થતું હોવાનું જણાવી દાવો કરતી અરજીઓની સુનાવણી કરતા જસ્ટીસ એલ. નાગેશ્વર રાવે જણાવ્યુ કે અનામત મૂળભૂત અધિકાર નથી.

સીપીઆઈ ડીએમકે દ્વારા ૨૦૨૦-૨૧ માં અન્ડર ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ, મેડિકલ ડેન્ટલના અભ્યાસક્રમો માટે ઓલ ઈન્ડીયા કવોટામાં તામીલનાડુ દ્વારા સરેન્ડર કરાયેલી બેઠકોમાં ૫૦ ટકા ઓબીસી અનામતની માંગ કરતી એક પીટીશન દાખલ કરાઈ હતી અરજદારે જણાવ્યું હતુ કે તામીલનાડુમાં ઓબીસી અનામત ૫૦ ટકા થવા જાય છે તેથી તામીલાનડુ સરકાર દ્વારા સરેન્ડર કરાયેલી બેઠકોમાં મેડિકલ કોલેજોમાં ઓબીસી અનામતનો લાભ મળવો જોઈએ. ઓબીસી ઉમેદવારોને ૫૦ ટકા અનામતનો લાભ આપવો જોઈએ. ઓબીસી ઉમેદવાને અનામત અંતર્ગત પ્રવેશ નો ઈન્કાર તેમના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે તેથી નીટ અંતર્ગતના કાઉન્સીલ પર મનાઈ હુકમ આપવામાં આવે.

સુપ્રિમ કોર્ટે સવાલ કર્યો હતો કે અનામતના લાભ મૂળભૂત અધિકાર નથી ત્યારે આર્ટીકલ ૩૨ અંતર્ગત કરાયેલી અરજી કેવી રીતે ટકી શકે? કોના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થઈ રહ્યું છે? મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું હોય ત્યારે જ બંધારણની કલમ ૩૨ અંતર્ગત પડકાર આપી શકાય. તામીલનાડુ વિવિધ રાજકિય પાર્ટીઓ સાથે મળીને આ મુદ્દો આર્ટીકલ ૩૨ અંતર્ગત ઉઠાવેલ તેને સુપ્રિમ કોર્ટે બીરદાવે છે પરંતુ આવી અરજી ધ્યાનમાં લઈ શકાય નહિ તેમ નામદાર સુપ્રિમ કોર્ટે જણાવી અરજદારની અરજ રદ કરેલ.

અરજદારે નામદાર સુપ્રિમ કોર્ટને જણાવ્યું હતું કે તામીલનાડુ સરકાર દ્વારા અનામત મુદ્દે થઈ રહેલું કાયદાનું ઉલ્લંઘન આ અરજનો આધાર છે સુપ્રિમ કોર્ટે અરજદારને જણાવ્યું હતું કે આ માટે અરજદારે પહેલા મદ્રાસ હાઈકોર્ટમાં અપીલ કરવી જોઈએ.સુપ્રિમ કોર્ટે અરજ કરતાને તેમની અરજી પાછી ખેંચી કોઈપણ રાહત માટે મદ્રાસ હાઈકોર્ટ સમક્ષ રજુઆત કરવા પરવાનગી આપી હતી. જેના પગલે તામીલનાડુની રાજકિય પાર્ટીઓએ સુપ્રિમ કોર્ટમાં કરેલ તમામ અરજીઓ પરત ખેંચી લીધી હતી. આથી સાબીત કરેલ કે અનામતનો લાભ ના આપવામાં આવે તો નાગરિકતાના મૂળભૂત અધીકારોનું ઉલ્લંઘન થતું નથી. અનામત માત્ર કાયદો છે. મૂળભૂત અધિકાર નથી. બંધારણમાં મૂળભૂત અધિકાર તમામ જાતી, ધર્મના લોકોને સમાન ગણ્યા છે. અનામત એ પછાત જાતીના ઉદ્ધાર માટે, આગળ લાવવા માટે ઘડવામાં આવેલ કાયદો માત્ર છે. આનો લાભ ના મળે તો બંધારણની કલમ ૩૨ મુજબ અરજી કરી શકાય નહિ.

ભારતના સંવિધાનના ભાગ ત્રીજામાં આર્ટીકલ ૧૪ થી ૩૨ માં વિવિધ મૂળભૂત અધિકાર આપવામાં આવ્યા છે. તે માત્ર ઔપચારિક જ નથી પણ તેનો અમલપણ અત્યંત અસરકારક રીતે થાય તેવી સંવિધાન ઘડવૈયાની ઈચ્છા હતી તેથી જ અધિકારોના સંરક્ષણ અને સંવર્ધન માટેની જવાબદારી સંવિધાને દેશની સર્વોચ્ચ અદાલતને શીરે નાંખી છે. આ જોગવાઈનું પાલન કરાવવાની જવાબદારી સવિશેષ છે કારણ કે મૂળભૂત હક્કોના પ્રકરણમાં જ આર્ટીકલ ૩૨ ની જોગવાઈઓ સમાવીને સંવિધાન ઘડવૈયાઓએ સ્પષ્ટ કર્યું છે કે મૂળભૂત હક્કોની સંવિધાનમાં ખાતરી અને આર્ટીકલ ૩૨ દ્વારા તેના અમલીકરણને પણ એક મૂળભૂત હક્ક મળેલ છે પરંતુ મૂળભૂત હક્કોના ભંગ સંબધીત દરેક કાર્યવાહી સર્વોચ્ચ અદાલત સમક્ષ ના થઈ શકે

કારણ કે આર્ટીકલ ૩૨(૧) માં "Appropriate Proceeding" શબ્દો વાપરવામાં આવ્યા છે એટલે કે મૂળભૂત હક્કોના અમલીકરણ માટે યોગ્ય કાર્યવાહી દ્વારા મદદ મેળવી શકાશે તેથી અરજદારે પ્રથમ હાઈકોર્ટમાં અપીલ કરી દાદ મેળવવી જોઈતી હતી. સીધી સર્વોચ્ચ અદાલતમાં આર્ટીકલ ૩૨ મુજબ પીટીશન કરી શકાય નહિ.

# ...મરણ સામને આજ મુખ પર હસી છે - તુફાનોને કહી દો કે કમ્મર કસી છે !



### WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

**અમે દુઃખ ને દર્દ કાતિલ સહ્યાં છે,**
**ભરી આહ ઠંડી ને નિશ્વાસ ઊના;**
**જીવનમાં હતી જો કાલ ગમની રેખા,**
**મરણ સામને આજ મુખ પર હસી છે -**
**તુફાનોને કહી દો કે કમ્મર કસી છે !**

**- મધુકર રાંદેરિયા**

આજના આ સમયમાં 'કોરોના' પહેલાં અને 'કોરોના'ના ડરને કારણે પળાવેલા 'લોકડાઉન' બાદ આપણામાં, આપણી જીવનશૈલીમાં, આપણી સમાજવ્યવસ્થામાં તમામ, નાની-મોટી બાબતોમાં ઘણા મોટા ફેરફાર થયેલા જણાય છે. આપણે જરૂર વિનાનું એવું કેટલુંય આપણી રોજિંદી જીવનશૈલીમાં વણી લીધેલું કે જે આજે સમજાય કે કેટલું અર્થવિહોણું હતું ! કેટલી એવી બાબતો છે કે જેના વિના આપણો દિવસ પરો ન થાય એવી ખોટી મનોવૃત્તિથી આપણે પીડાતા હતા. આજના સમયમાં કે પહેલાના યુગમાં બહુ ફેરફાર છે. એવું માનતા આપણે હવે આપણા મૂળ સ્વભાવને જાણી શક્યા છીએ. આપણને સમજાયું છે કે આપણા પોતાના જ દુઃખી થવાના કારણરુપ આપણે પોતે જ હતા.

૧. તમારી જ વાત કર્યા કરો.
૨. તમારો જ વિચાર કર્યા કરો.
૩. 'કદર' 'કદર' ઝંખ્યા કરો.
૪. કોઈ તમારી ઉપેક્ષા કરે તો બળ્યા કરો.
૫. કોઈનો યે વિશ્વાસ ન કરો.
૬. તમારી ફરજમાંથી શક્ય ત્યાં સુધી છટકી જાવ.
૭. બને તેટલી વાર 'હું' શબ્દનો ઉપયોગ કરો.
૮. બીજા માટે બને તેટલું ઓછું કરો.
૯. તમારી મહેરબાની બદલ લોકો આભાર ન માને તો સમસમ્યા કરો.
૧૦. દરેક બાબતમાં તમારો જ કક્કો ઘૂંટ્યા કરો.
(આના પરથી સુખી થવાના રસ્તા શોધી કાઢવાની સૌને છૂટ છે!)

- ચંદ્રકાન્ત કાજી

કુદરતનું મહત્ત્વ, સામાજિક મેળાવડામાં કેટલા સંબંધો સાચા અને અંગત છે તેનું મહત્ત્વ, જીવન જીવવા માટે જરૂરી અને આવશ્યક શું છે તે તમામ બાબતો આપણને આ 'કોરોના' કાળ શીખવી રહ્યું છે! આવો, આપણે સૌ સાથે મળીને એક નવા યુગનું નિર્માણ કરીએ. ચારેબાજુ સકારાત્મક ઊર્જાને પ્રસરાવીએ ! આપણાથી જેટલું બને તેટલું અન્યને મદદ કરતા બનીએ. અપેક્ષા અને ઉપેક્ષાથી પર જઈને સાથ અને સહકારને અપનાવીએ.

બધા માણસો વિચારપૂર્વક જ વર્તે છે એવું નથી. તેઓ જે કંઈ કરે છે તે યોગ્ય જ હોય છે એવું પણ નથી. મોટા ભાગના માણસો માત્ર પોતાનો જ વિચાર કરીને ચાલતા ને વર્તતા હોય છે. તેમ છતાં તેમની તરફ સદ્ભાવ રાખો, તેમની સાથે પ્રેમનો વ્યવહાર કરો.

તમે કંઈ સારું કરશો તો લોકો કહેશે કે આમ કરવા પાછળ અંદરખાનેથી તમારો હેતુ સ્વાર્થી છે. તેમ છતાં સારું કરવાનું, ભલાઈને માર્ગે ચાલવાનું, ચાલુ રાખો.

તમે પ્રામાણિકપણે વર્તશો, નિખાલસતાથી વાત કરશો તો તમે વિવાદમાં સપડાવાના અને તમારી ટીકાઓ પણ થવાની. તેમ છતાં પ્રામાણિકતા છોડશો નહિં. નિખાલસ જ રહેજો.

જે ઈમારત ઊભી કરતાં તમને વરસો થયાં હોય તે રાતોરાત ધરાશાયી થઈ જાય એવું નથી. તેમ છતાં ઈમારત ચણવાનું ચાલુ રાખો.

લોકોને ખરેખર મદદ જોઈતી હોય છે. તમે તેમને મદદ કરો ને તેઓ તમારો પાડ માનવાને બદલે તમારી પર હુમલો કરે એવું પણ બને. તેમ છતાં લોકોને મદદ કરવામાં પાછા પડશો નહીં.

તમારી પાસે જે શ્રેષ્ઠ છે તે દુનિયાને આપો. બદલામાં તમને કદાચ લાતો મળશે. તેમ છતાં દુનિયાને તમારી પાસે જે શ્રેષ્ઠ છે તે આપી જ છૂટો.

**Last Seen :**

**અનેક પશુશાં મનુષ્ય જગમાં ભલેને રહ્યાં,**
**અનેક મનુ દેવશાં અવનિને ન શું સાંપડ્યાં ?**

**- સુંદરજી બેટાજી**

- nehalgadhavi101@gmail.com

# રાજ્યસભામાં બહુમતી કરવાની કવાયતમાં લોકશાહીના વરવા ખેલ



### અતિતની આજ

ડો. હરિ દેસાઈ

ગુજરાત સહિતનાં વિવિધ રાજ્યોમાં રાજ્યસભાની ખાલી પડતી બેઠકો કબજે કરવાની કવાયતમાં સત્તારૂઢ ભારતીય જનતા પક્ષ થકી કોંગ્રેસના ધારાસભ્યોને તોડવાની જે પ્રકારે કવાયત ચાલી રહી છે એ લોકશાહી મૂલ્યોને લૂણો લગાડી રહી છે. ભાજપની નેતાગીરી કોંગ્રેસમાંથી હિજરતને પોતાના પક્ષ સાથે સંબંધ નહીં હોવાનું કહીને કાને હાથ દે છે. જોકે ગુજરાતમાં વિધાનસભાની ડિસેમ્બર ૨૦૧૭ની ચૂંટણી પહેલાંની રાજ્યસભાની ચૂંટણી ટાણે કોંગ્રેસના નેતા અહમદ પટેલને પાડી દેવાના ઈરાદે શંકરસિંહ વાઘેલાને સાધીને સંખ્યાબંધ ધારાસભ્યોને તોડી ભાજપના આયાતી ઉમેદવાર બળવંતસિંહ રાજપૂતને રાજ્યસભે પાઠવવાનો ભાજપનો દાવ ઊંધો પડ્યો હોવા છતાં કોંગ્રેસને તોડવાની એની મંછા હજુ અકબંધ છે. આ વખતે ગુજરાતમાંથી રાજ્યસભાની ચાર બેઠક ખાલી પડી અને એની ચૂંટણી માટે સંખ્યાબળની દ્રષ્ટિએ બે બેઠક ભાજપને અને બે કોંગ્રેસને મળે એવું હતું,પણ ભાજપે ત્રીજા ઉમેદવાર તરીકે જૂના કોંગ્રેસી નરહરિ અમીનને મેદાનમાં ઉતારીને અને આઠેક કોંગ્રેસી ઉમેદવારોને રાજીનામાં અપાવીને ભાજપના ત્રણ અને કોંગ્રેસનો એક જ ઉમેદવાર રાજ્યસભે જાય એવો કારસો રચ્યો છે. કોંગ્રેસના કેટલાક ધારાસભ્યોને નાચવું ના હોય ત્યારે આંગણું વાંકું એ ન્યાયે છેલ્લી ઘડીએ પોતાના પક્ષની નેતાગીરી સામે વાંધા વચકા દેખાય છે.

**જયપુરમાં ભોપાલવાળીનો વ્યૂહ**

મધ્યપ્રદેશમાં તો કોરોનાગ્રસ્ત સમયગાળામાં જ કોંગ્રેસના કમલનાથની સરકારને ડૂલ કરવા માટે જે ઓપરેશન હાથ ધરાયું એમાં કોંગ્રેસના મોવડીમંડળના અત્યંત નિકટના ગણાતા જ્યોતિરાદિત્ય સિંધિયાની વિકેટ પાડીને એમના સમર્થક ધારાસભ્યોને રાજીનામાં અપાવી ભાજપે ભોપાલમાં ફરી શિવરાજસિંહ ચૌહાણની ભાજપ સરકાર સ્થાપિત કરી. અન્ય રાજ્યોમાં પણ ભાજપ થકી કોંગ્રેસ કે અન્ય પક્ષોમાં ધાડ પાડવાની આ નીતિ એટલી પ્રભાવી રહી છે કે જ્યાં કોંગ્રેસ કે અન્ય પક્ષની બહુમતી હોય ત્યાં પણ ભાજપની સરકાર બની જાય છે. હવે રાજસ્થાનમાં પણ ધાડ પાડવાનો ખેલ રચાયો છે. રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસના કે કોંગ્રેસના અપક્ષ ધારાસભ્યોને પટાવીને ભાજપ માત્ર રાજ્યસભામાં પોતાના વધારાના ઉમેદવારને જીતાડવાની વેતરણમાં જ નથી, પણ ઓપરેશન કમળ દ્વારા ભોપાલવાળી કરવાની વેતરણમાં છે. મુખ્યમંત્રી અશોક ગેહલોત અને નાયબ મુખ્યમંત્રી સચિન પાઈલટ વચ્ચેના અણબનાવનો લાભ લેવાની કોશિશ કરી જયપુરમાં ફરી ભાજપની સરકાર સ્થાપિત કરવાની કોશિશ કરવાનો થનગનાટ જોવા મળે છે. ગેહલોતે એમના ધારાસભ્યોને ૨૫ કરોડ રૂપિયાની ઓફર થયાની વાત કરી છે. એમણે ગુજરાતના કોંગ્રેસી ધારાસભ્યોને સાચવવાની સાથે જ પોતાના ટેકેદારોને પણ અકબંધ રાખવાનો પડકાર છે. જોકે અહીં હવે રાજ્યસભામાં બહુમતી માટેનું ભાજપનું લક્ષ્ય સહેતુક છે. લોકસભામાં તો ૫૪૫માંથી ૩૦૩ બેઠકો સાથે ભાજપ પોતાના બળે બહુમતી ધરાવે છે, પણ ૨૪૫ સભ્યોની રાજ્યસભામાં ભાજપના માત્ર ૭૫ સભ્યો જ છે એટલે એણે અન્ય પક્ષો પર અવલંબન રાખવું પડે છે. જૂન ૨૦૨૦માં જે ૫૫ + ૬ એટલે કે ૬૧ બેઠકોની ચૂંટણી છે તેમાં વધુને વધુ બેઠકો ભાજપને મળે એવી કોશિશ થઇ રહી છે. ૧૯ જૂનની ચૂંટણી પછી પણ રાજ્ય સભામાં ભાજપની બેઠકો બહુમતીને આંબવામાં નથી. જોકે જેટલી જલદી એ બહુમતી મેળવી શકે એટલે કે ૧૨૩ બેઠકો મેળવે એ દિશામાં પ્રયત્ન કરવામાં છે.

- **બળવંતસિંહને રાજ્યસભા પાઠવવાનો ભાજપી દાવ ઊંધો પડ્યા છતાં કોંગ્રેસને તોડવાની મંછા હજુ અકબંધ**
- **જયપુરમાં ય ભોપાલવાળી કરીને ફરી ભાજપની સરકાર સ્થાપિત કરવાની કોશિશ કરાઈ રહ્યાનો થનગનાટ**
- **માધવસિંહ સોલંકીની સરકારમાં મંત્રી રહેલા રાજકોટના રાજવી પરિવારના દાદાબાપુની એક ગૌરવવંતી વાત**
- **કોંગ્રેસના બંને ઉમેદવાર શક્તિસિંહ અને ભરતસિંહને જીતાડવા ખૂટતા મતની વ્યવસ્થા હજુ શંકરસિંહ કરી શકે**

**વાજપેયી-આડવાણી યુગ આથમ્યો**

ભાજપની નેતાગીરી હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહની જોડી કને છે. ભલે જે.પી.નડ્ડા ભાજપના અધ્યક્ષ હોય, વ્યૂહ તો મોદી-શાહની જોડી જ ઘડે છે. અગાઉ અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ આડવાણી કને પક્ષનું નેતૃત્વ હતું ત્યારે આવી આક્રમક તોડફોડનો યુગ નહોતો. આડવાણી તો બ્રિટનમાં સંસદની બેઠકોની ક્યારેક બોલી બોલાતી હોવાની વાત કરતા અને સમયાંતરે એ લોકશાહી પરિપક્વ બન્યાની વાત જણાવતા હતા. ભારતીય લોકશાહી આઝાદીના સમયગાળામાં પરિપક્વ બની હતી અને હવે એ અધોગતિ પામી રહી હોય એવું અનુભવાય છે. સરકાર બનાવવા કે રાજ્યસભાના ઉમેદવારને ચૂંટવા માટે વિપક્ષના ધારાસભ્યોને પોતાના ઉમેદવારને મત આપવા પ્રેરવા કે રાજીનામાં અપાવીને પોતાની સાથે જોડવા તેમજ માત્ર ચાર કલાક કે બાર કલાકમાં મંત્રીમંડળમાં સામેલ કરવા સહિતના ઘટનાક્રમને વર્તમાન યુગમાં મોકળાશ મળી છે. પક્ષાંતર વિરોધી ધારાની છટકબારીઓ કામે લગાડાય છે. વર્ષ ૨૦૦૨માં મોદીના નેતૃત્વમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી થઈ ત્યારથી અત્યાર સુધી ૬૨ જેટલા કોંગ્રેસી ધારાસભ્યો ભાજપમાં જોડાયા અને બીજા નેતાઓની સંખ્યા તો બેસુમાર રહી છે. મંત્રીમંડળમાં અડધોઅડધ સભ્યો કોંગ્રેસમાંથી આવેલા છે. સત્તા સાથે સંધાણ સાધવા આતુર કોંગ્રેસીઓ થકી હવે તો ફરી એકવાર આડવાણીનું કથન સાચું પડી રહ્યું છે કે ભાજપનું કોંગ્રેસીકરણ થઈ ગયું છે. જોકે સત્તાસુંદરીનો ભોગવટો કરવામાં નીતિમૂલ્યો અને આદર્શો કોરાણે મૂકાય એ સ્વાભાવિક છે.

**રાજકોટમાં દાદાબાપુની ગરિમા**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ રહેલા ડૉ. હરેશ ઝાલાએ હમણાં માધવસિંહ સોલંકીની સરકારમાં મંત્રી રહેલા અને રાજકોટના રાજવી પરિવારના મનોહરસિંહ જાડેજા (દાદાબાપુ)ની એક ગૌરવવંતી વાત કરી હતીઃ ૧૯૮૧માં રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને ૨૬ અને કોંગ્રેસને ૨૫ બેઠકો મળી. ગાંધીનગરમાં સત્તા કોંગ્રેસની હતી અને મગનલાલ સોનપાલ નામક ભાજપી નગરસેવક કોંગ્રેસ ભણી ગયા એટલે મહાનગરપાલિકામાં સત્તા કોંગ્રેસને મળે એવા સંજોગો ઊભા થયા. આની સામે વિરોધ નોંધાવવા ભાજપના નેતા ચીમનભાઈ શુક્લ ઉપવાસ પર બેઠા. એ વેળા જામજોધપુરના ધારાસભ્ય ચીમનભાઈ પટેલ વિધાનસભામાં વિપક્ષના નેતા હતા. એ રાજકોટ આવ્યા અને ચીમનભાઈને ઉપવાસ નહીં કરવા સમજાવ્યા પણ એ માન્યા નહીં. રાજકોટમાં ભારે અજંપો સર્જાયો. છેવટે દાદાબાપુએ ચીમનભાઈ શુક્લને પારણાં કરાવ્યાં અને પક્ષપલટો કરનાર નગરસેવક પરત ગયા. આવા આદર્શના ગુજરાતમાં અત્યારે તો ડિસેમ્બર ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી પછી સંખ્યાબંધ કોંગ્રેસી ધારાસભ્યો રાજીનામાં આપીને કાં તો ભાજપમાં જોડાઈને મંત્રી બન્યા કે પછી ભાજપમાં જોડાવાની વેતરણમાં છે. કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા મોટાભાગના ધારાસભ્યો ચૂંટણી હાર્યા હોવા છતાં સત્તાપક્ષ સાથે રહેવાના ફાયદા પણ એ લણે છે.

**શંકરસિંહ વાઘેલાની સક્રિયતા**

ક્યારેક ભાજપમાં બળવો કરીને ગુજરાતના મુખ્યમંત્રી બનેલા શંકરસિંહ વાઘેલાનું ગોત્ર તો સંઘ-જનસંઘ અને ભાજપ હોવા છતાં એમણે સત્તા મેળવવા માટે ભાજપ તોડી રાષ્ટ્રીય જનતા પાર્ટી (રાજપા) રચીને કોંગ્રેસ સાથે નાતરું કર્યું હતું. એ પછી કોંગ્રેસમાં જોડાઈને કેન્દ્રમાં મંત્રી અને પછી વિધાનસભામાં વિપક્ષના નેતા પણ બન્યા હતા. કોંગ્રેસ સાથે ગોઠ્યું નહીં એટલે છૂટા થઈને શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ (એનસીપી)માં જોડાયા. ગુજરાતમાં પહેલાંથી શંકરસિંહ અને એનસીપી ભાજપની બી-ટીમ હોવાની છાપ ધરાવે છે. હવે રાજ્યસભાની ચૂંટણી ટાણે કાયમના બળવાખોર બાપુને પવારે ગુજરાતના પ્રમુખના હોદ્દેથી દૂર કર્યા અને એમના પક્ષના કુતિયાણાના ધારાસભ્ય કાંધલ જાડેજા ભાજપને મત આપે એવા સંજોગો છે ત્યારે બાપુ ફરી રાજપાને સજીવન કરવાની વેતરણમાં છે. જોકે ૭૯ વર્ષની વયે પણ આજકાલ વાઘેલા જે રીતે રાજ્યભરમાં પ્રવાસ ખેડીને સરકારને ભીંસમાં લઈ રહ્યા છે એ જોતાં ઘણાને બાપુના નવઅવતાર વિશે આશ્ચર્ય થાય છે. કેટલાક એમને ફૂટી ગયેલી બંદૂક કહે તો છે પણ અત્યારના સંજોગોમાં કોંગ્રેસ જો તેમની મદદ માંગે તો કોંગ્રેસના બંને ઉમેદવાર શક્તિસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકીને જીતાડવા ખૂટતા ચાર-પાંચ મતની વ્યવસ્થા શંકરસિંહ કરી શકે એ અશક્ય નથી. ભાંગ્યું ભાંગ્યું તો ય ભરૂચ જેવા બાપુ હજુ ભાજપના કેટલાક ધારાસભ્યોને રમાડી શકે છે. કોંગ્રેસ માટે દ્વિધા એ છે કે ક્યારેક કોંગ્રેસના નેતા રહેલા બાપુ સામે ચપણિયું લંબાવવું કે કેમ? જોકે વડાપ્રધાન સાથે સીધું સંધાણ ધરાવતા ભાજપી ઉમેદવાર અભય ભારદ્વાજ અને રમીલા બારા એ બંને તો જીતશે. નરહરિ અમીને પોતાના બળે જીતવાનું છે. બાપુ કળા કરી શકે કારણ ભરતસિંહ જીતવાની વેતરણમાં છે ત્યારે શક્તિસિંહની ડૂબતી નૈયાને પાર લગાવવામાં વાઘેલા બાપુ વહારે આવે છે કે નરહરિભાઈનો મોરલો કળા કરે છે એ ભણી સૌની નજર છે.કોંગ્રેસ માટે હવે પોતાના અસ્તિત્વનો સવાલ છે. ન જાણ્યું જાનકી નાથે ૧૯ જૂને શું થવાનું છે!

ઈ-મેઈલ : haridesai@gmail.com